# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-10-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-રોજગાર મેળા:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે રોજગાર મેળા યુવાનોના સપનાઓને પૂર્ણ કરવાનું માધ્યમ બની ગયા છે.**

**શ્રી મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં આયોજિત 17મા રાષ્ટ્રીય રોજગાર મેળા દરમિયાન એક વિડીયો સંદેશમાં આ નિવેદન આપ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન, રોજગાર મેળા પહેલ હેઠળ વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં નવા ભરતી થયેલા 51 હજાર થી વધુ કર્મચારીઓને નિમણૂક પત્રો સોંપવામાં આવ્યા હતા. શ્રી મોદીએ જણાવ્યું હતું કે આ રોજગાર મેળાઓ દ્વારા 11 લાખથી વધુ યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે.**

**પ્રધાનમંત્રીએ 'વિકાસિત ભારત યોજના' પણ શરૂ કરી હતી, જેનો ઉદ્દેશ્ય સાડા ત્રણ કરોડ યુવાનોને રોજગાર પૂરો પાડવાનો છે. તેમણે ભાર મૂક્યો હતો કે સ્કીલ ઇન્ડિયા મિશન જેવી પહેલ યુવાનોને કૌશલ્ય તાલીમ પૂરી પાડે છે.**

---------------------------------------------------------------------------------------------

## સંરક્ષણમંત્રી રાજનાથસિંહ “આર્મી કમાન્ડર્સ કોન્ફરન્સ”:

**સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગઈકાલે રાજસ્થાનના જેસલમેરમાં આર્મી કમાન્ડર્સ કોન્ફરન્સની અધ્યક્ષતા કરી હતી. આર્મી કમાન્ડર્સ કોન્ફરન્સ એ સેનાના વરિષ્ઠ નેતૃત્વ માટે સુરક્ષા પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા, ઓપરેશનલ પ્રાથમિકતાઓ પર ચર્ચા કરવા અને મુખ્ય નીતિગત નિર્ણયો લેવા માટે એક ઉચ્ચ-સ્તરીય સંસ્થાકીય મંચ છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ**

**(CDS) જનરલ અનિલ ચૌહાણની સાથે, શ્રી સિંહે વર્તમાન સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરી અને ભારતીય સેનાની ઓપરેશનલ ક્ષમતાઓને વધારવા માટેની વ્યૂહરચનાઓની શોધ કરી.**

---

## પોષણ હેલ્પલાઇન બદલવા નિર્ણય :

સરકારે પોષણ અને પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના માટે ટોલ-ફ્રી હેલ્પલાઇન નંબર બદલવાનો નિર્ણય લીધો છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે જણાવ્યું હતું કે નવો હેલ્પલાઇન નંબર ૧૫૧૫ આવતા મહિનાની ૧લી તારીખથી કાર્યરત થશે, જે હાલના નંબર ૧૪૪૦૮ને બદલે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, આ પગલાથી નાગરિકોને સહાય સેવાઓ યાદ રાખવામાં અને તેનો ઉપયોગ કરવામાં સરળતા રહેશે.

---

## નિર્મલા સીતારમણ-GST:

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે આગામી પેઢીના GST સુધારા કરવેરા પ્રણાલીને વધુ કાર્યક્ષમ, સમાન અને વિકાસલક્ષી બનાવશે. તેમણે જણાવ્યું હતું કે સરકાર પ્રામાણિક કરદાતાઓના જીવનને સરળ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં નવા CGST ભવનનું ઉદ્ઘાટન કરતા, નાણામંત્રીએ જણાવ્યું હતું કે કાર્યક્ષમ કરવેરા પ્રણાલી આર્થિક વિકાસને પ્રોત્સાહન આપશે.

સુશ્રી સીતારમણે જણાવ્યું હતું કે સરળ GST નોંધણી યોજના આવતા મહિનાની પહેલી તારીખથી અમલમાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે લગભગ 96 ટકા નવા અરજદારોને આ સુધારાનો લાભ મળવાની અપેક્ષા છે. તેમણે ઉમેર્યું હતું કે GST સેવા કેન્દ્રોમાં પર્યાપ્ત સ્ટાફ, સુલભતા અને યોગ્ય જાળવણી સુનિશ્ચિત કરવામાં આવશે જેથી કરદાતાઓને સમયસર અને ગુણવત્તાયુક્ત સહાય મળે

---

## ગ્રામીણ ડાક સેવા સંમેલન:

કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાની અધ્યક્ષતામાં એકતાનગર SRP ગ્રાઉન્ડ ખાતે ગ્રામીણ ડાક સેવક સંમેલન યોજાયું.

કેન્દ્રીય મંત્રી  જ્યોતિરાદિત્ય સિંધિયાએ ગ્રામિણ ડાક સેવકોને પરિવારના સભ્યો ગણાવતા જણાવ્યું કે, આજના આધુનિકતાના યુગમાં એકતાનું પ્રતિક એટલે સૌ ગ્રામિણ ડાક સેવકો છો.

કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, ભારત દેશ પાસે વિશ્વનું સૌથી મોટું પોસ્ટલ નેટવર્ક છે. તેના માધ્યમથી ડાક સેવકો દરેક સુવિધા ઘર સુધી પહોંચાડીને વ્યક્તિના જીવનમાં ખુશી લાવે છે. ડાક સેવા એ જન સેવા છે, જે સુકન્યા સમૃદ્ધિથી વિધવા-વૃદ્ધ પેન્શન સુધીની સુવિધા ઘર આંગણે પુરી પાડે છે.

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ડાક સેવક સંમેલન બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત કરી અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબને પુષ્પાંજલિ અર્પી હતી.

---

## સ્મૃતિવન-પ્રવાસીઓમાં આકર્ષણરૂપ:

જીલ્લા મથક ભુજના ભુજિયા ડુંગરના સાનિધ્યમાં બનેલું સ્મૃતિવન હાલ દિવાળી વેકેશનને કારણે પ્રવાસીઓથી ઉભરાઈ રહ્યું છે. 400 કરોડ રૂપિયાના ખર્ચે 470 એકર જમીનમાં આકાર પામેલું આ ભૂકંપ સ્મૃતિવન કચ્છ આવતા પ્રવાસીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી દૈનિક 5,000 જેટલા લોકો તેની મુલાકાત લઈ રહ્યા છે.

યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ વિલેજમાં પુરસ્કૃત થયેલું આ દેશનું પ્રથમ અર્થક્વેક મેમોરિયલ પાર્ક તેની વિશેષતાઓ માટે વર્ષે લાખો મુલાકાતીઓને આકર્ષે છે.

---

## ક્રિકેટ:

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રણ વન ડે મેચોની ત્રીજી અને અંતિમ મેચ આજે સિડની ખાતે રમાશે. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બંને વન ડે મેચ જીતી શ્રેણી જીતી લીધી. છેંમેચ ભારતીય સમય મુજબ સવારે નવ વાગ્યે  શરૂ થશે.

---

## હવામાન:

અરબી સમુદ્રમાં લો-પ્રેશર સર્જાવાના કારણે રાજયમાં આગામી 3 દિવસ સામાન્ય વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આજથી 27 ઓક્ટોબર સુધી 7થી વધુ જિલ્લામાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લા સાથે કચ્છમાં વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.

---